# CIMS Cancer Care

Volume-5 | Issue-48 | April 25, 2023 Price : ₹ 5/-



Marengo CIMS Hospital

CIMS
Cancer Care

Volume-5 | Issue-48 | April 25, 2023


# કેન્સર વિશે અવારનવાર પૂછાતાં પ્રશ્નો

**પ્રશ્ન: કેન્સર એટલે શું ?**

**જવાબ:** સામાન્ય રીતે કેન્સર આપણા શરીરમાં ઉત્પન્ન થતા બદલાયેલા કોષોનો સમૂહ છે. મોટા ભાગના કિસ્સાઓમાં શરીરના તમામ કોષો શરીરના "નિયમ" મુજબ કામ કરે છે અને વર્તે છે. જોકે કેન્સરના કોષો આ નિયમો અનુરૂપ વર્તતા નથી. તે અનિયમિત રીતે વધે છે, ફેલાય છે, કોઈ પણ અંગમાં પ્રવેશે છે અને શરીરમાં કોઈ પણ જગ્યાએ સ્થળાંતર પામે છે. તે પોતાના વિકાસ માટે શરીરના તમામ સ્રોતોનો ઉપયોગ કરે છે. છેવટે તે જે શરીરમાં પેદા થાય છે, તેનો જ નાશ કરે છે.

**પ્રશ્ન: કેન્સરના લક્ષણો શું છે ? સાધારણ કોષોથી કેન્સરના કોષો કેવી રીતે અલગ છે ?**

**જવાબ:** કેન્સરના કોષો સાધારણ કોષોથી ઘણી રીતે અલગ છે:



૧. કેન્સરના કોષોની અમર્યાદિત વૃદ્ધિ થાય છે. સામાન્ય કોષની વૃદ્ધિનું નિયમન થાય છે. ચોક્કસ સમયે તેનો નાશ થાય છે અને નવા કોષો તેમનું સ્થાન લે છે. કેન્સરના કોષો શરીરના નિયમોનું પાલન કરતાં નથી; તે સતત જીવે છે અને અનેકગણી વૃદ્ધિ પામે છે. આના કારણે અલ્સર કે ગાંઠ થઈ શકે છે.

૨. કેન્સરના કોષો અમર્યાદિત રીતે પ્રસરે છે અને ઘુસે છે. સામાન્ય રીતે સાધારણ કોષો કુદરતી અવરોધને ઓળંગતા નથી. ઉદાહરણ તરીકે સ્નાયુ ક્યારેય તેના આવરણ અથવા ત્વચા/લાળ ક્યારેય તેના પડમાં ઘુસતી નથી. કેન્સરના કોષો વિશિષ્ટ સંયોજનો બનાવે છે અને આ અવરોધોમાં ઘુસી જાય છે તથા અમર્યાદિત રીતે તેની પેશીઓમાં વધે છે. ઉદાહરણ તરીકે સ્નાયુનું કેન્સર હાડકાં અને ત્વચામાં પ્રવેશી શકે છે. લાળ અને ત્વચાનું કેન્સર ઊંડે પેશીઓમાં ઘુસી જાય છે તથા સ્નાયુ અને હાડકાં સુધી પહોંચી તેમને ખતમ કરે છે.

૩. કેન્સર અમર્યાદિત સ્રોતોનો ઉપયોગ કરે છે. શરીર પોષક દ્રવ્યો, લોહી, ઓક્સિજન વગેરે સ્રોતો ચોક્કસ પ્રમાણમાં ધરાવે છે. સામાન્ય રીતે સાધારણ પેશી નિશ્ચિત સ્રોતોનો ઉપયોગ કરે છે. જેમ કેન્સર અમર્યાદિત રીતે વધે છે, તેમ તે તેના સ્રોતોમાં વધારો કરવા નવી રક્તવાહિનીઓ પેદા કરે છે. છેવટે આ શરીરમાં ઉપલબ્ધ સ્રોતો ઘટાડે છે, જે નબળાઈ અને વજનમાં ઘટાડા તરફ દોરી જશે.

૪. કેન્સર શરીરના અન્ય ભાગમાં ફેલાય છે અને ત્યાં વધે છે. સામાન્ય રીતે કોઈ ખાસ કામગીરી માટે પેદા થયેલા કોષો એ અંગમાં રહે છે અને શરીરની જરૂરિયાત પ્રમાણે કામ કરે છે. (૧) કેન્સરના કોષો નવી રક્તવાહિની પેદા કરે છે અને રક્તપ્રવાહમાં કોષો ફેલાય છે. સામાન્ય રીતે આ કોષો યકૃત, ફેફસાં, હાડકાં અને મગજ સુધી પહોંચે છે. ત્યાં તેની વૃદ્ધિ થશે. તેને મેટાસ્ટેસિસ કહેવાય છે. (૨) કેન્સરના કોષો લસિકાવાહિની મારફતે વિકસી શકે છે અને લસિકા ગ્રંથિમાં ગાંઠ પેદા કરી શકે છે – જે વધે છે અને લસિકા ગ્રંથિનો નાશ કરે છે.

૫. કેન્સર ઊથલો મારવાની ગુણ ધરાવે છે. કેન્સરના કોષો રક્તવાહિનીઓ અને લસિકાઓ મારફતે વિવિધ અંગો અને લસિકાગ્રંથિઓમાં ફેલાય છે. તે આ અંગોમાં કેન્સરની ગાંઠ પેદા થઈ શકે છે. ઘણી વખત કેન્સરના કોષ આ માધ્યમ મારફતે ફેલાય છે, જે તાત્કાલિક વૃદ્ધિ પામતા નથી. તે જીવંત, પણ નિષ્ક્રિય રહી શકે છે. તે ઘણાં વર્ષો પછી અનેકગણા થવાની શરૂઆત થઈ શકે છે. કેન્સરની સારવારના ઘણાં વર્ષ પછી થતી આ પ્રક્રિયા મેટાસ્ટેસિસ તરીકે ઓળખાય છે.

**પ્રશ્ન: તમામ પ્રકારના કેન્સર એકસરખા હોય છે ?**

**જવાબ:** વિવિધ અંગોનું કેન્સર અલગઅલગ ગુણધર્મો ધરાવે છે. એટલે કેન્સર એકસમાન રોગનું જૂથ છે. સામાન્ય રીતે મોટા ભાગના કેન્સર (૧) વૃદ્ધિ, (૨) આક્રમણ અને (૩) મેટાસ્ટેસિસ (અનેકગણી વૃદ્ધિ)ની લાક્ષણિકતા ધરાવે છે. જોકે સ્તન કેન્સરના વિકાસ સ્વાદુપિંડના કેન્સરના વિકાસથી અલગ રીતે થાય છે. વર્તણૂંક, પ્રગતિ અને સારવારનું પરિણામ અલગ હશે.

**પ્રશ્ન: કેન્સરનું નિદાન કેવી રીતે થાય છે ?**

**જવાબ:** સામાન્ય રીતે શરીરમાં કોઈ પણ સમસ્યાની ચકાસણી ડૉક્ટર દ્વારા થાય છે. આ નૈદાનિક પરીક્ષણ છે. ડૉક્ટર એક્સ રે, સીટી સ્કેન, એમઆરઆઇ સ્કેન, પીઇટી સ્કેન અને લોહીના કેટલાંક પરીક્ષણો જેવી ચકાસણી કરી શકે છે. જોકે મોટા ભાગના કેન્સરનું નિદાન બાયોપ્સી કે સાઇટોલોજીથી થાય છે.

**સૌજન્ય**



**ડૉ. તરંગ એચ. પટેલ**
**કેન્સર સર્જરીના નિષ્ણાંત**
MS, MAMS, MCh
(મો) +૯૧-૯૮૨૫૦૨૨૦૭૪

Volume-5 | Issue-48 | April 25, 2023

CIMS
Cancer Care

# કેન્સરની સારવારમાં લેસર

લેસર શબ્દ એ લાઇટ એમ્પ્લિફિકેશન બાય સ્ટીમ્યુલેટેડ એમિશન ઓફ રેડિયેશનનું ટૂંકું સ્વરૂપ છે. લેસર લાઇટ એ સામાન્ય પ્રકાશ કરતા અલગ હોય છે. સૂર્ય અથવા લાઇટ બલ્બના પ્રકાશમાં અનેક તરંગલંબાઇ હોય છે અને તે દરેક દિશામાં ફેલાય છે. બીજી તરફ લેસર પ્રકાશમાં એક જ તરંગલંબાઇ હોય છે અને તે એક બહુ સાંકડા કિરણ (બીમ) પર કેન્દ્રિત હોય છે. તેનાથી તે શક્તિશાળી અને સચોટ બને છે. અત્યંત કાળજીપૂર્વક સર્જિકલ કામ કરવું હોય, જેમ કે શરીરની પેશીઓને ચીરવી હોય ત્યારે બ્લેડની (સ્કાલ્પેલ) જગ્યાએ લેસરનો ઉપયોગ કરી શકાય છે.

**લેસરના પ્રકાર**

તબીબી સારવાર માટે અનેક પ્રકારના લેસર વપરાય છે. આજે કેન્સરની સારવારમાં ૩ પ્રકારના લેસરનો સામાન્ય રીતે ઉપયોગ થાય છે: કાર્બન ડાયોક્સાઇડ (CO2), એર્ગોન અને નિયોડાયમિયમ: વાયટ્રીયમ એલ્યુમિનિયમ ગાર્નેટ (એનડી:વાયએજી)

**કાર્બન ડાયોક્સાઇડ (CO2)લેસર**

CO2 લેસર એ મુખ્યત્વે સર્જિકલ સાધન છે. પ્રકાશની ઉર્જા ઉષ્મામાં પરિવર્તિત થાય ત્યારે પેશીઓ બાષ્પીભવન થાય (ઓગળી જાયં) છે એકદમ ઓછુ લોહી વહે છે. આ પ્રકારના લેસરનો ઉપયોગ ઊંડા સ્તરે ગયા વગર ત્વચા પરના પાતળા સ્તરને દૂર કરવા માટે થાય છે.

**એર્ગોન લેસર**

એર્ગોન લેસર પેશીઓમાં ટૂંકા અંતર સુધી જ જાય છે. કેટલીક વખત તેનો ઉપયોગ કોલોનોસ્કોપિઝ દરમિયાન થાય છે અને પોલિપ્સ તરીકે ઓળખાતી વૃદ્ધિ કેન્સર બને તે પહેલા તેને દૂર કરવામાં આવે છે.

**એનડી: વાયએજી (નિયોડાયમિયમ-વાયટ્રીયમ-એલ્યુમિનિયમ-ગાર્નેટ) લેસર**

આ લેસરનો પ્રકાશ અન્ય પ્રકારના લેસરના પ્રકાશની સરખામણીમાં પેશીમાં વધારે ઊંડે જાય છે. આ પ્રકાશ ઓપ્ટિકલ ફાઇબર દ્વારા પણ પ્રવાસ કરી શકે છે જેને વાળીને ગાંઠમાં પ્રવેશ કરાવી શકાય અને તેને ગરમ કરીને નષ્ટ કરી શકાય છે.

**લેસર સર્જરીના ફાયદા**

લેસર એ બ્લેડ (સ્કાલ્પેલ) કરતા વધારે સચોટ હોય છે. લેસર્સ દ્વારા પેદા થતી ગરમી શરીરની પેશીઓની ધારને સ્વચ્છ (જંતુમુક્ત) કરી શકે છે જેથી ચેપ લાગવાનો ખતરો ઘટી જાય છે. લેસરની ગરમીથી રક્તવાહીની સીલ થઇ જાય છે તેથી ઓછું લોહી વહે છે, સોજો, પીડા અને જખમના નિશાન ઘટી જાય છે. લેસર સર્જરીના કારણે તંદુરસ્ત પેશીઓની વાઢકાપ અને નુકસાન ઘટી જાય છે. આઉટપેશન્ટ સેટિંગમાં વધારે પ્રક્રિયા કરી શકાય છે. તેમાં ઘણી વાર સાજા થવામાં ઓછો સમય લાગે છે.

**લેસર સર્જરીના ગેરફાયદા**

લેસર સાધનોનો ભારે ખર્ચ આવે છે અને સામાન્ય સર્જિકલ સાધનોની સરખામણીમાં તે મોટા અને વજનદાર હોય છે. લેસરનો જ્યાં ઉપયોગ થતો હોય તે ઓપરેશન રૂમમાં સુરક્ષાની ચુસ્ત કાળજી રાખવી જરૂરી છે. સમગ્ર સર્જિકલ ટીમ અને દર્દીએ આંખનું રક્ષણ કરતા સાધન પહેરવા ફરજિયાત છે.

**લેસર્સ દ્વારા કેન્સરની સારવાર**

- લ્યુકોપેકિયા અને એરિથ્રોપ્લેકિયા જેવા વિવિધ પ્રિ-કેન્સરગ્રસ્ત જખ્મોને કાપવા કે દૂર કરવા.
- મોઢાના વિવિધ કેન્સર માટે ઇન્સિઝનલ બાયોપ્સી લેવા.
- ગરમી દ્વારા ગાંઠને સંકોચવા અથવા નાશ કરવા.
- અપર એરોડાઇજસ્ટિવ અને લેરિન્જિયલ કેન્સરના ટ્રાન્સ-ઓરલ એન્ડોસ્કોપિક લેસર એક્સિઝન.
- સ્વરતંતુઓ પરની નાની ગાંઠોને કેટલાક દર્દીઓમાં રેડિયેશનના બદલે લેસર દ્વારા સારવાર કરી શકાય છે.
- ઉપરના હવાના માર્ગને અવરોધતી ગાંઠોને આંશિક રીતે દૂર કરી શ્વાસ લેવાનું સરળ બનાવી શકાય.
- લેસર ઇન્ડ્યુસ્ડ ઇન્ટરસ્ટિશિયલ થર્મોથેરેપી (એલઆઇટીટી). લેસર લાઇટ એક ફાઇબર ઓપ્ટિક વાયરમાંથી સીધી ગાંઠમાં પસાર થાય છે જ્યાં તે ગરમી પેદા કરે છે અને કેન્સરના કોષને નુકસાન કરે છે અથવા ખતમ કરે છે.

આ ઉપરાંત લેસરથી સર્જરી પછી પીડા ઘટાડવા માટે ચેતાતંતુઓના છેડાને સીલ કરી શકાય છે અને સોજો ઘટાડવા તથા ગાંઠના કોષને પ્રસરતા અટકાવવા લિમ્ફ વેસેલને (નસ) સીલ કરી શકાય છે.

એકલા લેસર્સનો ઉપયોગ કરી શકાય છે, પરંતુ મોટા ભાગે તે કેન્સરની અન્ય સારવાર સાથે વપરાય છે જેમ કે કેમોથેરેપી અથવા રેડિયેશન સાથે.

**સૌજન્ય**



**ડૉ. જયેશ વી. પટેલ**
**(કેન્સર સર્જરીના નિષ્ણાંત)**
**સર્જીકલ ઓન્કોલોજી ગ્રુપ**
MS
(મો) +૯૧-૯૮૨૫૦૪૯૮૭

CIMS
Cancer Care

Volume-5 | Issue-48 | April 25, 2023

# જો કેન્સરનું નિદાન વહેલાસર થાય તો તેની સારવાર શક્ય છે

**પ્રશ્ન: કેન્સર એટલે શું ?**
જવાબ: કેન્સર એટલે કોઇપણ સામાન્ય કોષની અનિયંત્રીત અને અનિયમિત વૃદ્ધિ

**પ્રશ્ન: મનુષ્યના શરીરને કેટલાં પ્રકારના કેન્સર થઈ શકે છે ?**
જવાબ: મનુષ્યના શરીરને અંદાજે ૨૦૦ પ્રકારના કેન્સર થઈ શકે છે.

**પ્રશ્ન: કેન્સર થવાની શક્યતા કોને હોય છે ?**
જવાબ: નવજાત બાળકથી લઈને વયોવૃદ્ધ વ્યક્તિ અને પુરુષ કે સ્ત્રી કોઈ પણને કેન્સર થઈ શકે છે.

**પ્રશ્ન: કેન્સર થવાનું જોખમ કોને વધારે હોય છે ?**
જવાબ: સામાન્ય રીતે પ્રવર્તમાન સંજોગોમાં ધુમ્રપાન કરતા, તમાકુનું સેવન કરતા અને શરાબનું પાન કરતા લોકોને આવું વ્યસન ન ધરાવતી વ્યક્તિઓ કરતા કેન્સર થવાનું જોખમ વધારે હોય છે.



- મોં અને ગળાના કેન્સર, અન્નનળીનું કેન્સર, યકૃતનું કેન્સર વગેરે આ કેટેગરીમાં આવે છે.
- કેન્સર થવામાં કેટલાંક જનીન પરિબળો પણ ભૂમિકા ભજવે છે.
- કેટલાંક કિસ્સાઓમાં કેન્સર થવા માટે વારસાગત પરિબળો પણ જવાબદાર હોય છે. સ્તન અને આંતરડાના કેન્સર આ કેટેગરીમાં આવે છે.
- કેટલાંક રસાયણો કેન્સર માટે જવાબદાર હોય છે, જેથી આ પ્રકારના સંસર્ગમાં આવતા રસાયણો કેન્સર વિકસાવી શકે છે.

**પ્રશ્ન: આપણે કેન્સરનું નિદાન કેવી રીતે કરી શકીએ ?**
જવાબ: સૌથી મહત્ત્વપૂર્ણ બાબત સ્વાસ્થ્યની નિયમિત ચકાસણી કરાવવાનો છે, જેથી સામાન્ય વ્યક્તિને પ્રાથમિક તબક્કામાં જ કેન્સરનું નિદાન થઈ શકે છે.

- લોહીના કેટલાંક પરીક્ષણો કેન્સરનું નિદાન કરે છે ઉદાહરણ તરીકે પ્રોસ્ટેટ કેન્સર, અંડાશયનું કેન્સર, ગુદામાર્ગ (મોટા આંતરડાના નીચેના ભાગ)નું કેન્સર, યકૃત્ત, પિત્તાશય અને સ્વાદુપિંડનું કેન્સર વગેરે
- રેડિયોલોજિકલ તપાસ જેવી કે મેમ્મોગ્રાફી, સીટી સ્કેન, એમઆરઆઈ કેન્સરનું નિદાન કરવામાંઉપયોગી છે.
- શંકાસ્પદ અલ્સર (ચાંદુ) કે ટ્યુમર (ગાંઠ)ની બાયોપ્સી એ કેન્સરનું આખરી નિદાન છે. બાયોપ્સી નિષ્ણાત ઓન્કલોજિસ્ટ પાસે કરાવવી જોઈએ અને નિદાન આ પ્રકારનું કામ નિયમિતપણે કરતા નિષ્ણાત હિસ્ટોપેથોલોજિસ્ટ પાસે કરાવવું જોઈએ.

**પ્રશ્ન: કેન્સરના કેટલાં તબક્કા છે ?**
જવાબ: સામાન્ય રીતે કેન્સરના ચાર તબક્કા હોય છે. પ્રથમ તબક્કો અતિ પ્રાથમિક તબક્કો છે અને ચોથો તબક્કો અતિ આગળ વધેલ કેન્સર છે.

**પ્રશ્ન: કેન્સર માટે સારવારના કયા વિકલ્પો ઉપલબ્ધ છે ?**
જવાબ: સામાન્ય રીતે રોગના પ્રકાર અને તબક્કા પ્રમાણે સર્જરી, કિમોથેરપી, રેડિયોથેરપી અને હોર્મોનલ થેરપી ઉપલબ્ધ છે.

- બાયોપ્સી પછી જો કેન્સર હોવાની પુષ્ટિ થાય તો સર્જરી કરાવવી પડે છે.
- ઘણા કેન્સરમાં સર્જરી પછી કિમોથેરપી જરૂરી છે અને કેટલીક વખત સર્જરી અગાઉ સર્જરી કરી શકાય તે માટે રોગની તીવ્રતા ઘટાડવા કેમોથેરપી આપવામાં આવે છે.
- થોડા પ્રકારના કેન્સર માટે કેમોથેરપી રોગનિવારક અને એકમાત્ર ઉપલબ્ધ વિકલ્પ છે.
- રેડિયોથેરપી સારવારનો અન્ય એક વિકલ્પ છે, જેમાં સર્જરી અગાઉ કે પછી કે કેટલીક વખત ઉપશામક તબક્કામાં સહાયક દવા તરીકે રેડિયોથેરપી આપવામાં આવે છે.
- સર્જરી પછી કે કિમોથેરપી સારવાર પૂર્ણ થયા પછી આંતરસ્ત્રાવીય (હોર્મોન્સ) સારવાર આંતરસ્ત્રાવીય સંવેદનશીલ ગાંઠને આપવામાં આવે છે.
- થોડા પ્રકારના કેન્સર માટે જનીન સારવાર માટે સંશોધન ચાલુ છે.

**પ્રશ્ન: સામાન્ય લોકો માટે શું સંદેશ છે ?**
જવાબ: જો કેન્સરનું નિદાન પ્રાથમિક તબક્કામાં થઈ જાય અને નિષ્ણાત ઓન્કોલોજિસ્ટ દ્વારા યોગ્ય રીતે સારવાર થાય તો તેનો ઉપચાર થઈ શકે છે અને કેન્સર સંપુર્ણ મટી શકે છે.

- તમાકુ, સોપારી, ધુમ્રપાન અને શરાબનું સેવન ટાળો
- નિષ્ણાત ડૉક્ટર્સ પાસે સ્વાસ્થ્યની નિયમિત ચકાસણી કરાવો.
- નિયમિત અને સ્વસ્થ ભોજનની ટેવ પાડો.
- જો કેન્સરનું નિદાન થાય તો ગભરાયા વિના કુશળ ડૉક્ટરની સલાહ પ્રમાણે શક્ય તેટલી વહેલી તકે સારવાર શરૂ કરાવો અને તેને પૂર્ણ કરાવો. ઉંટવૈદ્યોથી બચો

**તમને સુખી અને સ્વસ્થ જીવનની શુભેચ્છા.**

**સૌજન્ય**



**ડૉ. અશોક પટેલ**
**કેન્સરના રોગોના નિષ્ણાંત**
MS - Cancer Surgeon
(મો) +૯૧-૯૮૨૫૦ ૨૦૫૪૪



Marengo CIMS Hospital

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં
# કેશલેસ સેવાઓ
## હવે ઉપલબ્ધ

**જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ માન્યતા પ્રાપ્ત**

**અમદાવાદ શહેરની એક માત્ર મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ**

## કેશલેસ ઈન્સ્યોરન્સ I થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) I પબ્લિક સેક્ટર અંડરટેકીંગ (PSU)

### ઇન્શ્યોરન્સ કંપનીઓ

- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઇન્શ્યોરન્સ
- યુનાઈટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઇન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA)

- અલંકિત હેલ્થ કેર
- અનમોલ મેડીકેર
- અન્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિક્સન હેલ્થેકર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોકસ હેલ્થસર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપ્પી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેઝ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થ કેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડીક્લેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રોથશિલ્ડ હેલ્થકેર
- સેફવે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ

- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઇસ
- ગો ડિજીટ
- એચડીએફસી અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઇફ્કો ટોકિયો
- ઇન્ડિયા ફર્સ્ટ લાઈફ ઇન્શ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઇન્શ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- એસ.બી.આઈ. જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ
- ટાટા એ.આઈ.જી
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્સ્યોરન્સ

### પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ (PSU)

- એરફોર્સ સ્ટેશન - વડસર*
- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- **સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- એમ્પ્લોઈ'સ સ્ટેટ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (ESIC)* (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (GSFC)
- **ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)**
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)
- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી - ગાંધીનગર (IIT-GN)
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ
- **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)**
- **ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)**
- ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (IRCTC)
- **ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)**
- નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- **ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે,)**
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- રાજકોટ નાગરિક સહકારી બેંક (RNSB)*
- **સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)**
- **વેસ્ટર્ન રેલ્વે**

*** ટાઈ-અપ્સ મુજબ રિમ્બર્સમેન્ટ સુવિધા**

India's **New Destination** For Transplants

▪ Heart ▪ Liver ▪ Kidney ▪ Lung ▪ Paediatric BMT

CIMS
Cancer Care

Volume-5 | Issue-48 | April 25, 2023

# ઓરલ કેન્સરના લક્ષણો

ઓરલ, માથાના અથવા ગરદનના કેન્સરના પ્રારંભિક લક્ષણમાં તમારા મોઢાની નરમ પેશીઓના દેખાવ તથા તેના અનુભવમાં એક કે વધારે ફેરફાર થાય છે. આ સંકેતો અથવા લક્ષણો કેન્સર અથવા અન્ય ઓછી જોખમી સ્થિતિના સંકેત હોઇ શકે છે.

- મોઢામાં ચાંદા પડવા જે મટે નહીં અને કદ વધતું જાય
- મોઢામાં સતત દુખાવો રહેવો
- મોઢાની અંદર ગાંઠો અથવા સફેદ કે લાલ ચાંદા
- ગાલ જાડા થઇ જવા
- અસાધારણ રક્તસ્ત્રાવ અથવા પીડા કે મોઢું સુન્ન થઇ જવું
- ચાવવામાં અને ગળવામાં મુશ્કેલી, જીભ ફેરવવામાં મુશ્કેલ
- જડબું હલાવવામાં કે ગળવામાં મુશ્કેલી, જડવામાં પીડા
- ગળામાં દુખાવો, ગળામાં કંઇક ફસાયું છે તેવું લાગવું
- દાંતની આસપાસ પીડા, દાંત ઢીલા થઇ જવા.
- જીભ બહેર મારી જવી અથવા મોઢામાં બીજે ક્યાંય બહેર મારી જવું
- અવાજમાં ફેરફાર
- કાનની સમસ્યા ન હોવા છતાં કાનમાં પીડા
- ગરદનમાં ગાંઠ
- શ્વાસમાં દુર્ગંધ




## મુખનું કૅન્સર લક્ષણો

- તમારા મુખમાં રહેલ વ્રણ (અલ્સર) કે જે રુઝાતું નથી.
- તમારા મુખમાં એક લાલ કેસફેદ ડાઘ ડાઘ.
- આળી જીભ, મોં કે ગળું કે જે સારુ થતું ન હોય.
- તમારા મોં અથવા ગરદનમાં સોજો અથવા ગાંઠ.
- ઘોઘરાપણું અથવા અવાજનાં અન્ય ફેરફારો.
- ગળવામાં અથવા ચાવવામાં તકલીફ થવી.
- તમારા ગળામાં કંઇક અટકી ગયું છે તેવી અનુભૂતિ થવી.
- તમારી જીભની કે મુખનાં અન્ય વિસ્તારની સંવેદનાવિહીનતા.
- એક કે વધુ સમજાવી ન શકાય તેવા ઢીલા દાંત.



## Head and neck cancer includes cancers of the following areas:




- Oral cavity: The oral cavity includes the lips, the front two-thirds of the tongue, the gingiva (gums), the buccal mucosa (lining inside the cheeks and lips), the floor (bottom) of the mouth under the tongue, the hard palate (bony top of the mouth), and the small area behind the wisdom teeth.
- Salivary glands: They produce saliva that keeps the mouth and throat moist. The main glands are on the bottom of the mouth and near the jawbone.
- Nasal cavity: hollow areas inside the nose
- Tonsils
- Sinuses: hollow spaces in the bones surrounding the nose
- Ears
- Throat (pharynx)
- Voice box (larynx)
- Lymph nodes in the upper part of the neck

Volume-5 | Issue-48 | April 25, 2023



Marengo CIMS Hospital



# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ

## મેડિકલ ટીમમાં નવા ડૉક્ટરનો સમાવિષ્ટ

### ડિપાર્ટમેન્ટ ઓફ યુરોલોજી



**ડૉ. ધ્રુવ પટેલ**
MS (General Surgery), DrNB (Urology),
(IKDRC, Ahmedabad)
**કન્સલટન્ટ યુરોલોજીસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ સર્જન**
dr.dhruv.patel@marengoasia.com
+91-96620 65425



**ડૉ. નિલય જૈન**
MBBS, MS (General Surgery), DrNB (Urology)
**કન્સલટન્ટ યુરોલોજીસ્ટ**
dr.neelay.jain@marengoasia.com
+91-97146 47755

### ડિપાર્ટમેન્ટ ઓફ ગાયનેકોલોજીસ્ટ



**ડૉ. પૂર્ણા પટેલ**
MBBS, MD (Obst. & Gyanec)
**કન્સલ્ટન્ટ ઓબ્સ્ટ્રેટ્રીશીયન અને ગાયનેકોલોજીસ્ટ**
dr.purna.patel@marengoasia.com
+91-98796 12157

### ઈન્સ્ટીટયુટ ઓફ ન્યુરોસાયન્સીઝ



**ડૉ. હાર્દિક દરજી**
MBBS, MS (General Surgery),
Mch (Neurosurgery)
**એસોસિયેટ કન્સલ્ટન્ટ ન્યુરો સર્જન**
dr.hardik.darji@marengoasia.com
+91-82380 60921

### ડિપાર્ટમેન્ટ ઓફ ક્રિટીકલ કેર



**ડૉ. શેહનાઝ ચીનવાલા**
MBBS, DA, FCCS, FICM
**કન્સલટન્ટ ક્રિટીકલ કેર**
dr.shehnaaz.chinwala@marengoasia.com
+91-98250 33206

CIMS
Cancer Care

Volume-5 | Issue-48 | April 25, 2023

**CIMS Cancer Care Registered under RNI No. GUJBIL/2017/75574**
**Published on 25th of every month**
**Permitted to post at PSO, Ahmedabad-380002 on the 26th to 30th of every month under**
**Postal Registration No. AHD-C/100/2023-2025 issued by SSP Ahmedabad valid upto 31st December, 2025**

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Call : 1800 309 9999

**Subscribe "CIMS Cancer Care" :** Get your "CIMS Cancer Care", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

## RADIATION THERAPY



### Services Available

- VMAT (Volumetric modulated arc therapy)
- IGRT (Image-guided radiation therapy)
- IMRT (Intensity-modulated radiotherapy)
- SRS (Stereotactic radiosurgery)
- SRT (stereotactic radiation therapy)
- SBRT (Stereotactic body radiation therapy)
- HexaPOD - 6-D Robotic Patient Positioning System
- Active Breathing Coordinator for Respiratory Motion Management
- Brachytherapy

## MEDICAL ONCOLOGY



### Services Available

- Adjuvant Chemotherapy
- Chemotherapy for Advanced Cancer
- Targetted Cancer Therapy
- Immuno Oncology Treatment
- Multidisciplinary Treatment Planning
- Concurrent Chemo - Radiation
- Management of Febrile Neutropenia

## SURGICAL ONCOLOGY



### Services Available

- Head & Neck Cancer Surgery
- Breast Cancer Surgery
- Gastro-Intestinal & Hepato Biliary Pancreatic Surgeries
- Advance Laproscopic Surgeries
- Uro Oncosurgery
- Gynaec Onco Surgery
- Thoracic Onco Surgery (Thoracoscopic)
- Ortho Onco Surgery

Surgical Oncology | Medical Oncology (Chemotherapy)

Cancer Screening Programmes | Cancer Rehabilitation Unit | Cancer Supportive Care Unit

## INSTITUTE OF CANCER CARE

Printed and Published by **DEVANG C. BHAVSAR** on behalf of **CIMS HOSPITAL PRIVATE LIMITED** and Printed at Hi-Scan Private Limited, 304, G.I.D.C. Estate, Sarkhej-Bavla Highway, Village - Changodar (Taluka – Sanand, Dist - Ahmedabad) and published from CIMS HOSPITAL PRIVATE LIMITED, Near Shukan Mall, Off Science City Road, Sola, AHMEDABAD - 380060. Editor - **DEVANG C. BHAVSAR.**